ગાંધીનગર સમાચાર





શ્રેષ્ઠ તરવૈયા : ગાંધીનગરના પાદરે ઈન્ફોસિટી ક્લબ એન્ડ રિસોર્ટ ખાતે એક માસના સમર કેમ્પના અંતે સોમવારે સાંજે સ્વિમિંગ કોમ્પીટેશન યોજાઈ હતી. ખૂબ જ ઉત્તેજનાત્મક માહોલમાં સ્પર્ધકોએ અવનવી તરકીબો પ્રસ્તુત કરી હતી. સ્પર્ધામાં ૭૦થી વધુ સ્પર્ધકોએ જુદા જુદા વયજૂથમાં ભાગ લીધો હતો.

# જિલ્લામાં ગરમીના પ્રકોપથી ખેડૂતો સ્તબ્ધ

## હવે વાવણી વરસાદના આગમન પછી જ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા એક માસથી પ્રવર્તી રહેલા હિટવેવને લઈ ખેડૂતો સ્તબ્ધ બની ગયા છે અને વાવણીનું કાર્ય થંભાવી દઈ હવે વરસાદની રાહ જોવા લાગ્યા છે. વરસાદ આવ્યા પછી જ વાવણીનું કામ હાથ ધરશે તેમ ખેડૂતો સાથેની વાતચીતમાંથી જાણવા મળ્યું છે.

જુન મહિનામાં પણ હીટવેવ ૪૦થી નીચે નહિ જતાં ખેડૂતો વાવણીને લઈ ચિંતાતુર બની ગયા છે. હાલ જિલ્લામાં પિયત ધરાવતા ૧૦ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર ખરીફનું થયુ છે પણ જે રીતે ગરમીનો પ્રકોપ છે તેને લઈ હવે વાવેતર કરેલ પાકને બચાવવો તે અગ્રતાક્રમે આવી ગયેલ છે.

ગાંધીનગર જિલ્લામાં આ વખતે સારા ચોમાસાની આશાથી ખેડૂતોમાં ઉત્સાહ ખરીફ માટે જોવા મળતો હતો. પરંતુ જે રીતે ગરમીનો પ્રકોપ છે તે જોઈ ખેડૂતો સ્તબ્ધ બની ગયા છે.

ગરમીના આ પ્રકોપને કારણે જમીનમાંથી ભેજનું તત્વ પણ ઝડપથી ગાયબ થઈ રહ્યુ છે. તો પાણીનું દોહન પણ વધુ પડતુ થવાને કારણે ભૂતળના તળ ઉંડે ગયા છે આ સ્થિતિમાં હવે ખેડૂતો વધુ બોજ ઉપાડવાને બદલે વરસાદની રાહ જોવા લાગ્યા છે.

જમીનમાં ભેજનું પ્રમાણ ઘટતાં તેમાં પાકના ઉગાવા પર વિપરીત અસરો થતી હોય છે. આથી હવે ખેડૂત ચિંતાતુર બન્યો છે. જિલ્લામાં સિંચાઈની સુવિધા પણ અન્ય જિલ્લાઓની તુલનામાં ઓછી છે. પિયતના સાધનો પણ સિમીત છે ત્યારે ખેડૂતો હવે જે વાવેતર થઈ ગયુ છે તેને બચાવવા માટેની કામગીરીમાં વધુ વ્યસ્ત બન્યા છે.

જિલ્લામાં ૧ લાખ ૫૦ હજાર હેક્ટર વિસ્તારમાં ખરીફ પાકનું વાવેતર થવાનો અંદાજ તંત્રએ રાખ્યો છે. જો કે ગરમીના પ્રકોપને કારણે જિલ્લાનું જનજીવન પણ અસ્તવ્યસ્ત થઈ ગયુ છે અને ખેડૂતોની જેમ જિલ્લાવાસીઓ પણ વરસાદની રાહ જોઈ રહ્યા છે.



સાહિત્ય ગૌરવ : ગુજરાતી ભાષાના લોકપ્રિય કવિ શ્રી માધવ રામાનુજે સોમવારે સાંજે 'સાહિત્ય ગૌરવ' એવૉર્ડ એનાયત કરાયો. તે પ્રસંગની તસવીરમાં પદ્મશ્રી ડૉ. એચ. એલ. ત્રિવેદી, રાજ્ય સાંસ્કૃતિક મંત્રી શ્રી નાનુભાઈ વાનાણી અને સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા ઉપસ્થિત રહ્યા હતા.

# શહેરમાં સતત ત્રીજા દિવસે અગનવર્ષા

## મહત્તમ તાપમાન ૪૪.૪ ડિ.સે. નોંધાયુ : લઘુત્તમ તાપમાન પણ વધુ રહેતા વસાહતીઓ ગરમીથી હેરાન-પરેશાન

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરમાં હીટવેવની અસર સતત ત્રીજા દિવસે વર્તાઈ રહી છે. આજે ૪૪.૪ ડિ.સે. મહત્તમ તાપમાન નોંધાતા જનજીવન પર તેની ઘેરી અસર જોવા મળી હતી. સૂર્યના પ્રકોપથી બચવા માટે વસાહતીઓ ઘરમાં જ પુરાઈ રહ્યા હતા.

વરસાદની કાગડોળે રાહ જોતા નગરજનોને ટાઢક મળવાના રજુ કોઈ એંધાણ જોવા મળતા નથી. આકાશમાંથી છેલ્લા બે ત્રણ દિવસથી રીતસર જાણે અગનગોળા વરસી રહ્યા હોય તેવી કાળઝાળ ગરમી પડી રહી છે. હીટવેવની અસર તળે આવેલા શહેરમાં મહત્તમ તાપમાન ૪૪-૪૫ ડિગ્રીની આસપાસ ફરી રહ્યુ છે.

સૂર્યનારાયણના આકરા મીજાજનો પરચો શહેરીજનોને જોવા મળી રહ્યો છે. અંગ દઝાડતી અને સતત આખો દિવસ ફુંકાતી લુના કારણે વસાહતીઓને ફરજિયાતપણે ઘરમાં જ પુરાવુ પડે છે. આકરી ગરમીના કારણે બપોરના સમયે તો ચકલુ પણ ન ફરકે તેવો માહોલ જોવા મળ્યો છે. શહેરના આંતરિક વિસ્તારો પણ શોપીંગ સેન્ટરનો વિસ્તાર પણ સાવ સુમસામ જોવા મળ્યો હતો. ગરમીના કારણે બપોરના સમયે તો બજારોમાં ગ્રાહકોની સાવ પાંખી અવરજવરના કારણે ઘણા વેપારીઓએ દુકાનો બંધ રાખી હતી. સાંજ પછી શાકમાર્કેટ અને બજારોમાં અવરજવર જોવા મળી હતી. છેલ્લા ઘણા દિવસોથી આકરી ગરમીનો અનુભવ કરી રહેલા નગરજનો હવે ચોમાસાની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. કેરળ સહિતના દક્ષિણના રાજ્યમાં પ્રિ-મોન્સુન એક્ટિવીટી વધ્યાના સમાચારો હૃદયને ટાઢક આપી રહ્યા છે. બસ હવે થોડાક જ દિવસોમાં વર્ષારાણીનું આગમન થશે અને ભારે ગરમીના સ્થાને વાતાવરણમાં ઠંડક પ્રસરી જશે તેવી આશા સૌ કોઈ રાખી રહ્યા છે અને ચોમાસુ વેળાસર આવી પહોંચે તેની પ્રાર્થના કરી રહ્યા છે.

# પેથાપુરમાંથી કોલેરા પોઝીટીવનો કેસ મળ્યો

## જિલ્લામાં કોલેરાના કેસોની સંખ્યા ૧૪ થઈ : ૨૮ વર્ષીય યુવક ગાંધીનગર સિવિલમાં સારવાર હેઠળ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેર નજીક આવેલ પેથાપુર નગરમાંથી આજે કોલેરા પોઝીટીવનો એક કેસ મળી આવતાં આરોગ્યતંત્રમાં હડકંપ મચી જવા પામેલ છે.

મળતી વિગતો પ્રમાણે ૨૮ વર્ષીય યુવકને કોલેરા પોઝીટીવ આજે પરીક્ષણ દરમ્યાન જણાયેલ છે. જેને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરેલ છે જ્યાં તેની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

આ યુવકને ગઈકાલે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયેલ હતો. આજે તેના સ્ટુલનું તંત્ર દ્વારા પરીક્ષણ કરવામાં આવતાં કોલેરા પોઝીટીવ જણાઈ આવેલ છે.

ગાંધીનગર જિલ્લામાં આ સિઝનમાં કોલેરાના કુલ ૧૪ કેસ નોંધાયા છે. તંત્ર દ્વારા રાંધેજાને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવેલ છે. આ પેથાપુર ગામ પણ રાંધેજાથી ૮ કિ.મી.ની ત્રિજ્યામાં આવતુ હોવાથી આરોગ્ય તંત્ર પણ હરકતમાં આવી ગયું છે.

તંત્ર દ્વારા તાબડતોબ સર્વેલન્સની કામગીરી હાથ ધરવાના આદેશો જારી કરી દેવામાં આવ્યા છે. પેથાપુરમાંથી મળેલ આ દર્દીને લઈ તંત્રએ સર્વેલન્સની કામગીરી હાથ ધરવા ઉપરાંત પરિસ્થિતિને ગંભીરતાથી લઈ પેથાપુર અર્બન મેડીકલ ટીમને પણ પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા માટે તાકીદ કરી છે.

જિલ્લામાં આ વેળાએ પાણીજન્ય રોગચાળાની સ્થિતિ જે રીતે વણસી રહી છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. જે રીતે જિલ્લામાં હીટવેવ અને અખાદ્ય ચીજોનો વેપલો ફૂલ્યો ફાલ્યો છે તેને લઈ તંત્ર હવે લાલ આંખ કરવા માટેનો નિર્ણય લીધો હોવાનું પણ જાણવા મળેલ છે.

અગાઉ પેથાપુરમાં એક મહિલાનું પણ ઝાડા-ઉલ્ટીમાં મોત નીપજ્યું હતું જે ઉલ્લેખનીય છે.

# સે-૨૨નો બગીચો ક્રિકેટ મેદાન બન્યો

## ફેન્સીંગ સાથે હરિયાળી પણ અદ્રશ્ય : ગ્રીન સીટીના અભિગમને વેગ આપવાની સોહામણી વાતો પાછળની બિહામણી હકિકત

ગાંધીનગર તા ૬

શહેરના સેકટરોમાં ઉદ્યાનો મરણપથારીએ હોવાથી સેકટરવાસીઓ અને પ્રકૃતિ પ્રમીઓમાં ઘોર નારાજગી વ્યાપી છે. અગાઉ સેકટરોની ઓળખ મનાતા ઉદ્યાનોમાં હાલ લાઈટ તેમજ રમતગમતના સાધનો નથી. જયારે બાકી હતુ તો હવે હરિયાળી લોન અને ફેન્સીંગ પણ અદ્રશ્ય થતા હરિયાળા ઉદ્યાનો મેદાનમાં ફેરવાયા છે. કેટલાક ઠેકાણે તો અહીં બગીચો હતો તેના અવશેષ પણ જોવા મળતા નથી. સે-૨૨માં શોપિંગ વિસ્તાર નજીક સ્થિત બગીચાની આવી જ અવદશા જોવા મળી રહી છે. આ સ્થળ હવે બાળકો માટે રમતગમતનુ મેદાન બની ગયુ છે. સેકટરોના બગીચાઓને નિખારવા માટે તંત્ર દ્વારા પણ કોઈ કાર્યવાહી થતી નથી. બીજીતરફ ગ્રીન સીટીના અભિગમને વેગ આપવા માટે થતી સોહામણી વાતો પાછળ



બિહામણી સ્થિતિ તાદ્રશ્ય થતા ગાંધીનગરના સેકટરોમાં રહીશોમાં રોષ ભભુક્યો છે.

સ્થિત બગીચાઓ એક સમયે સેકટરોની ઓળખ બની ગયા હતા. જયારે આજે આ ઉદ્યાનો તંત્રની લાપરવાહીના લીધે ઉજજડ બનતા માત્ર રમતના મેદાનમાં ફરવાઈ ગયા છે. કેટલાક ઠેકાણે તો બગીચામાં છવાયેલા અંધારપટ્ટ વચ્ચે અસામાજિક પ્રવૃતિઓ થતી હોવાના લીધે સેકટરનુ કલ્ચર પણ દુષિત થયુ હોવાનો સુર ઉઠવા પામ્યો છે. સેકટરોમાં સ્થિત મોટાભાગના ઉદ્યાનોમાં લાઈટો ડુલ છે. જયારે રમતગમતના સાધનો જોવા મળતા નથી. કેટલાક ઠેકાણે આ સાધનો તુટલી હાલતમાં છે. બગીચાની યોગ્ય જાળવણી ન થતા ઉદ્યાનોમાં હરિયાળી સામે પણ ખતરો મંડરાયો છે. સે-૨૨ ના બગીચો ખુલ્લા મેદાનમાં ફેરવાઈ ગયો છે. બગીચા વિસ્તારની ફરતે ફેન્સીંગ પણ અદ્રશ્ય થઈ ગઈ છે. જયારે ઉજ્જડ ભાસતા ઉદ્યાનમાં હરિયાળી લોનના બદલે કોરુ ધાકોર મેદાન જોવા મળી રહ્યુ છે. હાલ આ બગીચા વિસ્તારની ખુલ્લી જગ્યાનો ઉપયોગ બાળકો ક્રીકેટના મેદાન તરીકે કરી રહયા છે. બગીચાની ફરતેનુ ફેન્સીંગ પણ ગાયબ થઈ જતા હાલ આ ઠેકાણે વાહનો પાર્ક થયેલા પણ જોવા મળી રહયા છે.

### ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.

મધુર ડેરી, ઈલેક્ટ્રોનીક એસ્ટેટ, સેક્ટર-૨૫,
'ક' રોડ, ગાંધીનગર- ૩૮૨૦૨૩
ફોન : ૨૩૨૮૭૧૩૪ થી ૩૮, ફેક્સ : ૨૩૨૮૭૧૪૦

**ઓફિસ સ્ટેશનરી તથા કોમ્પ્યુટર સ્ટેશનરી મટીરીયલ્સ સપ્લાય કરવા માટેની ટેન્ડર નોટીસ**

ઉપરોક્ત ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ખાતે તા. ૧/૭/૨૦૧૬ થી ૩૦/૬/૨૦૧૭ના સમયગાળા માટે ઓફિસ સ્ટેશનરી તથા કોમ્પ્યુટર સ્ટેશનરી મટીરીયલ્સ સપ્લાય કરવા માટેનો કોન્ટ્રાક્ટ આપવાનો છે. રસ ધરાવતા સપ્લાયર્સએ ઓફિસ સ્ટેશનરી તથા કોમ્પ્યુટર સ્ટેશનરી મટીરીયલ્સ સપ્લાય કરવા માટેના ટેન્ડર ફોર્મ ભરવાનું રહેશે. ટેન્ડર ફોર્મ દીઠ રૂ. ૧૦૦૦/- રોકડા (નોન રીફંડેબલ) સંસ્થાની હિસાબી શાખામાં ભરવાથી જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી તા. ૧૮/૬/૨૦૧૬થી ઓફિસ સમય દરમિયાન ૧૬.૦૦ કલાક સુધી મળી શકશે અને ભરેલા સીલબંધ ટેન્ડર ફોર્મ રૂ. ૧૫,૦૦૦/- (રીફંડેબલ) ઉપરોક્ત સંસ્થાના નામના ડી.ડી. સાથે જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી તા. ૧૮/૬/૨૦૧૬ના રોજ બપોરના ૧૬.૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે. સમય મર્યાદા બાદ આવેલ ટેન્ડર કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહી. દરેક સીલબંધ કવર ઉપર ઓફિસ સ્ટેશનરી તથા કોમ્પ્યુટર સ્ટેશનરી મટીરીયલ્સ સપ્લાયનું ટેન્ડર દર્શાવવાનું રહેશે. ટેન્ડર ભાવ-ઓફર સ્વીકારવા કે નહિ તેનો અબાધિત અધિકાર મેનેજીંગ ડિરેક્ટરશ્રીનો રહેશે.

**મેનેજીંગ ડિરેક્ટરશ્રી**

અભિનંદન
ACHIEVER'S
CRICKET COACHING ACADEMY
શુભારંભ : તા. ૭ જૂન, ૨૦૧૬, સવારે ૯.૦૦ કલાકથી
સ્થળ : સ્કૂલ ઓફ એચિવર્સ કેમ્પસ, કુડાસણ, ગાંધીનગર
ક્રિકેટના અધતન સાધનો (બોલીંગ મશીન સહિત) અને અત્યંત સફળ કારકિર્દી ધરાવતાં ક્રિકેટ કોચીઝના માર્ગદર્શન હેઠળ ગાંધીનગરનાં ક્રિકેટ ખેલાડીઓ ગાંધીનગર/ગુજરાત/ભારત તરફથી રમી શકે તે પ્રકારનું ઉત્કૃષ્ટ કોચીંગ મળશે.
કોચ મોહનીશ પરમાર : મો. ૭૦૪૩૩૧૨૨૮૯
તેઓ ભારત તરફથી India-A, IPL (KKR), India U-19 વર્લ્ડકપ તેમજ ગુજરાત તરફથી રણજી ટ્રોફી, વન-ડે, T-20, U-22, 19, 17, 15 રમ્યા છે.
કોચ ક્રિશ્નાસિંહ ચાવડા : મો. ૯૪૦૮૧ ૭૭૩૯૯
તેઓ India Camp U-16 અને U-19 તેમજ નેવી સર્વિસીઝ તરફથી રમ્યા છે.
NIS સર્ટીફિકેટ કોર્સ કરેલ છે.
બંને કોચીઝને હાર્દિક અભિનંદન અને ક્રિકેટ કોચીંગ ક્ષેત્રે ખૂબ સફળતા મળે તેવી શુભેચ્છાઓ...
શુભેચ્છક - સમન્વય પરીખ

### ધી ગાંધીનગર નાગરીક કો.ઓ. બેંક લિ., ગાંધીનગર

પ્લોટ નં. ૩૯૧, ઘ-૪II, સેક્ટર-૧૬, ગાંધીનગર

**કર્મચારીઓના ગણવેશ બાબતે ભાવપત્રક**

આથી રસ ધરાવતી પેઢીઓને જણાવવાનું કે, બેન્કને નીચે જણાવેલ વિગતો અને શરતોએ પોતાના કર્મચારીઓને ગણવેશ પૂરો પાડવા બાબતે ભાવપત્રક મંગાવવામાં આવે છે.

૧. પુરુષ કર્મચારીની સંખ્યા ૬૬ તથા મહિલા કર્મચારીની સંખ્યા ૨૧ રહેશે.
૨. દરેક કર્મચારી માટે બે જોડી એટલે કે અનુક્રમે ૧૩૨ શર્ટ તથા પેન્ટ તેમજ ૪૨ સાડી તેમજ બ્લાઉઝ.
૩. શર્ટ તથા પેન્ટનું કાપડ કોઈપણ પ્રકારની ડિઝાઈન વગરનું તથા બ્રાન્ડેડ મિલનું હોવું જોઈએ.
૪. સાડી તથા બ્લાઉઝ કોઈપણ જાતની ડિઝાઈન વગર પરંતુ બોર્ડર પટ્ટીવાળી તેમજ બ્રાન્ડેડ મીલનું હોવું જરૂરી છે.
૫. કાપડની ગુણવત્તા ૧૦૦ ટકા કોટન બંને પ્રકારના ડ્રેસમાં ઉંચી ગુણવત્તાવાળી હોવી જરૂરી છે.
૬. કર્મચારીઓના કાપડનો રંગ કેટેગરી મુજબ ફેરફારને પાત્ર રહેશે.
૭. સંબંધિત પેઢીએ ૬ થી ૭ કલર નમૂના પુરુષ તથા મહિલા કર્મચારીના ગણવેશ માટે રજૂ કરવાના રહેશે. શર્ટ તથા સાડી માટે આછો કલર તેમજ પેન્ટ તથા બ્લાઉઝ માટે ઘાટો કલર એ પ્રમાણે નમૂના આપવાના રહેશે.
૮. કોઈપણ પ્રકારની આગોતરી રકમની ચૂકવણી કરવામાં આવશે નહી.
૯. સંતોષકારક રીતે નક્કી કરેલ માલ સંપૂર્ણપણે પૂરો પાડ્યા પછી જ તથા શાખા મેનેજરનું પ્રમાણપત્ર સંતોષકારક રીતે પ્રાપ્ત થયા પછી જ ચૂકવણી કરવામાં આવશે.
૧૦. ઉપર જણાવેલ મુદ્દાઓ ધ્યાને લઈ આપનું ભાવપત્રક સીલબંધ કવરમાં બેન્કની હેડ ઓફીસ ખાતે રજીસ્ટર્ડ પોસ્ટથી મોકલી આપવાનું રહેશે. (દિન-૧૦માં)
૧૧. ભાવપત્રક મંજુર કરવા અથવા ન કરવા અથવા કઈ પેઢીના ભાવપત્રક નક્કી કરવા તેનો સંપૂર્ણ અધિકાર બેન્કનો અબાધિત રહેશે.
૧૨. બોર્ડ ઓફ ડિરેક્ટર્સ નક્કી કરે તે સીક્યુરીટી ડીપોઝીટ કામ અંગેનો ઓર્ડર મેળવતા પહેલા બેન્કમાં જમા કરાવવાની રહેશે. જેનું વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.

**લી. મેનેજીંગ ડિરેક્ટર**

# આજે મહેસાણામાં વિકાસ પર્વની ભવ્ય ઉજવણી થશે

અમદાવાદ, તા.૬

ભાજપના પ્રદેશ મહામંત્રી કે સી પટેલે જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજય સરકારના બે વર્ષની ઉજવણીના ઉપલક્ષ્યમાં યોજાનારા વિકાસ પર્વ સંમેલનની શ્રૃંખલામાં આવતીકાલ તા. ૦૭ જુનના રોજ મહેસાણા ખાતે વિકાસ પર્વ સંમેલન યોજાશે.

આવતીકાલે તા. ૦૭ જુનને મંગળવારના રોજ સાંજે ૦૬-૦૦ કલાકે મ્યુનિસિપલ, ગ્રાઉન્ડ, મહેસાણા ખાતે યોજાનાર વિકાસ પર્વ સંમેલનને ભાજપાના રાષ્ટ્રીય મહામંત્રી રામ માધવ, કેન્દ્રીય રેલ્વે મંત્રી સુરેશ પ્રભુ, કેન્દ્રીય રાજય કૃષિ મંત્રી ડૉ. સંજીવકુમાર બલિયાન, પ્રદેશ પ્રમુખ વિજયભાઈ રૂપાણી સંબોધિત કરશે તેમની ઉપસ્થિતમાં મહેસાણા જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે બપોરે ૦૪.૦૦ કલાકે પત્રકાર પરિષદ અને સાંજે ૦૫.૦૦ કલાકે મુખ્ય કાર્યકર્તાઓ સાથે બેઠક યોજાશે એમ કે સી પટેલે જણાવ્યું હતું.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com